જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૦/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૨૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૯૩ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૭૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૭ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૮,૬૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૫૨૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૨૯/૨૦૨૬**

ક્રાઇમ બ્રાન્ચઃ હર્ષ વિનોદકુમાર ઠક્કર (રહે. સગુન પ્લાઝા ગોયલ પ્લાઝાની બાજુમાં માનસી ચાર રસ્તા પાસે વસ્ત્રાપુર) એ તા.૨૮/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે મકરબા રોડ કે.પી.એપીટોમ બિલ્ડીંગ બ્લોક "ઈ" હાઉસ નંબર–૨ ખાતે આવેલ હર્ષ ઠક્કર નાઓની એરોન ઇન્સ્યોરન્સ બ્રોકર્સ પ્રા.લી." કંપનીમાં સિનીયર મેનેજર ઇન્વેસ્ટમેન્ટ તરીકે કામ કરતા કપિલ પ્રતાપભાઇ કિડેચા (રહે. ઉપવન રેસીડન્સી તેજેન્દ્ર સોસાયટી પાસે ચાંદખેડા) એ એરોન ઇન્સ્યોરન્સ બ્રોકર્સ પ્રા.લી.કંપનીમાં ફરજ દરમ્યાન કંપનીના ઉચ્ચ અધિકારીની પૂર્વ મંજુરી કે સુચના વગર તા.૧૪/૦૫/૨૦૨૬ થી તા.૧૫/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન કંપનીમાંથી ઝેરોધા ડીમેન્ટ એકાઉન્ટમાં કુલ ૯૬,૮૬,૬૬૫/– શેરનું ટ્રેડીંગ કરી કંપનીને રૂપિયા ૧૬,૭૩,૯૪,૬૩૨/– બદઇરાદાથી આર્થિક નુકશાન પહોંચાડી તેમજ કંપનીનુ એક લેપટોપ તથા મોબાઈલ ફોનનુ સિમકાર્ડ પોતાની સાથે લઈ કંપનીની જંગમ મિલકત/શેરનુ અધિકૃત રીતે વેચાણ કરી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ–બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા, યુનિટ–૧ પો.સ.ઇ.શ્રી એમ.વી.ચાવડા ચલાવે છે.

કાલુપુરઃ કેયુર સ/ઓ રજનીકાંત ઝવેરી (ઉ.વ.૭૧) (રહે. કશુંબાવાડ દોશીવાડાની પોળ કાલુપુર) એ તા.૨૮/૧૦/૨૦૨૬ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૨૦૨૬ થી તા.૧૫/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર +૯૧ ૭૪૭૦૫૪૪૪૦૨ ના ધારકે ફોન કરી પોતે અદાણી ગેસમાંથી રાજીવ કુશવાહા વાત કરતા હોવાની ઓળખ આપી કેયુર ઝવેરીના ગેસ બિલ અપડેટ કરવા અંગે વાત કરી અદાણી ગેસ બીલ અપડેટ કરવા સારુ કેયુર ઝવેરીના વોટસએપમાં ઓનલાઇન ફોર્મ મોકલી કેયુર ઝવેરીના બેંક ખાતા તથા ડેબિટકાર્ડની વિગતો ભરાવી કેયુર ઝવેરીના બેંક ખાતામાંથી ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી કુલ રૂપિયા ૯૬,૭૬૯/– ટ્રાન્ઝેક્શન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.

મેઘાણીનગરઃ રાજેન્દ્રકુમાર શંકરલાલ સૈની (ઉ.વ.૨૮)(રહે. પુષ્પાનગર લીમડા બસ સ્ટેન્ડ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ તા.૨૮/૧૦/૨૦૨૬ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૬ ના રોજ અજાણી વ્યક્તિએ રાજેન્દ્રકુમાર સૈનીના મોબાઈલ ફોનમાંથી ગુગલ પે એપ્લીકેશન માંથી યુ.પી.આઈ.મારફતે ઓનલાઈન રાજેન્દ્રકુમાર સૈનીના બેંક ખાતામાંથી રૂપિયા ૭૩,૦૦૦/– નું ટ્રાન્જેક્શન કરી લઈ છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.કે.દેસાઇ ચલાવે છે.

મણીનગરઃ નરેશ સ/ઓ ઠાકુરદાસ મતલાણી (ઉ.વ.૪૮) (રહે. જાનકી હાઉસ ચંરાવતી સોસાયટી સામે ભૈરવનાથ રોડ મણીનગર) એ તા.૨૮/૧૦/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૮/૨૦૨૬ ના રોજ નરેશ મતલાણી પોતાના મોબાઇલ ફોનથી આઇ.પી.ઓ. ભરવા માટે ગુગલ ક્રોમ પર કોટક બેંકનુ એકાઉન્ટ લોગ ઇન કરવા માટે પ્રોસેસ કરતા હતા દરમ્યાન fizpay.in નામનુ પેજ આપમેળે ચાલુ થઇ ગયેલ અને તેમાં રૂપિયા ૯૯,૧૩૪/– રકમ જોવા મળેલ. જે ભરવાનુ જણાવતા હોય પરંતુ નરેશ મતલાણી પેજની બહાર નીકળે તે પહેલા મોબાઇલમાં ઓ.ટી.પી. આવેલ જે ઓટીપી આપમેળે જનરેટ થઇ ગયેલ દરમ્યાન નરેશ મતલાણીના આઇસીઆઇસીઆઈ બેંકના ક્રેડીટકાર્ડ દ્વારા અજાણી વ્યક્તિએ રૂપિયા ૯૯,૧૩૪/–ટ્રાન્જેક્શન કરી લઈ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

ખાડીયાઃ ખાડીયા ગાંધી રોડ ગીરધર ચેમ્બર્સ કર્મા ઇલેક્ટ્રિકલ્સ નામની દુકાન ધરાવી ધંધો કરતા ક્રીષ્નાકુમાર જબ્બરસિઘ રાજપુરોહીત (ઉ.વ.૨૦) (રહે. દ્વારકેશ એવન્યુ જેઠાભાઇની પોળ ઉન્ન્તી સ્કુલ પાસે ખાડીયા ચાર રસ્તા) એ તા.૨૮/૧૦/૨૦૨૬ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૨૦૨૬ સાંજના ૦૭/૦૦ વાગ્યાથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ ક્રીષ્નાકુમાર રાજપુરોહીતના મોબાઇલ ફોનમાં અલગ–અલગ ઓનલાઇન પ્લેટફોર્મવાળી કંપનીઓના આશરે સો થી વધુ ઓટીપી મેસેજ મોકલી આપી અલગ–અલગ ત્રણેક યુપીઆઇ દ્વારા ઓનલાઇન માધ્યમથી ક્રીષ્નાકુમાર રાજપુરોહીતના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૫૫,૬૮૩/– ટ્રાન્ઝેક્શન કરી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.લગારીયા ચલાવે છે.

પાલડીઃ પાલડી વિસ્તારમાં રહેતા યુવકે તા.૨૮/૧૦/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૦/૨૦૨૬ થી તા.૦૯/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ટેલીગ્રામની આઈ.ડી @RADHIKA_88 તથા મોબાઈલ નંબર ૮૨૩૩૯૩૦૯૦૬ ના ધારકે સ્પા મસાજની સર્વીસ માટે યુવક સાથે વાતચીત કરી, સ્પા મસાજના બુકીંગ, રજીસ્ટ્રેશન અને સેફ્ટી ડીપોઝીટના બહાને યુવક પાસેથી અલગ–અલગ ઓનલાઈન કુલ રૂપિયા ૫૦,૨૫૫/– મેળવી લઇ, તમામ રૂપિયા રીફંડ થઇ જશે તેમ કહી રૂપિયા પરત નહી આપી, યુવકનો મોબાઈલ નંબર બ્લોક કરી દઇ યુવક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.ભેટારીયા ચલાવે છે.

અમરાઈવાડીઃ દાનાભાઈ હિરાભાઈ સોલંકી (ઉ.વ.૬૨) (રહે. આનંદ એપાર્ટમેન્ટ ગુલાબનગર અમરાઈવાડી) એ તા.૨૮/૧૦/૨૦૨૬ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૬ કલાક ૧૧/૦૦ થી રાતના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ ફોન નંબર ૯૨૪૨૧૫૩૮૬૩ ના ધારકે દાનાભાઈ સોલંકી નાઓને ફોન કરી પોતે ડી.આર.એમ ઓફીસમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી બેંકની વિગત માંગી હતી અને જણાવેલ કે “જો તમે તમારી બેંકની માહિતી નહી આપો તો તમારુ પેંશન બંધ થઈ જશે” તેમ કહી વિશ્વાસમાં લઈ બેંક ખાતાઓની માહીતી મેળવી લઈ દાનાભાઈ સોલંકીના બેંક ખાતાઓમાંથી કુલ રૂપિયા ૧,૦૯,૦૩૩/– ઓનલાઇન ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.રોહિત ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૫૩૦/૨૦૨૬**

નરોડાઃ જીગ્નેશભાઇ ગૌવર્ધનભાઇ સુવાગીયા (રહે. અભીલાષા હાઇટ્સ પુષ્પમ બંગ્લોઝ સામે નરોડા) એ તા.૨૮/૧૦/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૨૦૨૬ બપોરના ૦૪/૦૦ થી સાંજના ૦૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા દહેગામ રોડ પર બિલાસીયા ખાતે આવેલ ઘ વિન્ટેજ શુભલાભ નવી બનતી સાઇટની ઓફીસ આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૩,૫૦,૦૦૦/– તથા જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.કુંપાવત ચલાવે છે.

સોનાની માળા ખેંચી તોડી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૫૩૧/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ હસમુખભાઇ પુંજાભાઇ પટેલ (ઉ.વ.૫૯) (રહે. ગુલાબ પાર્ક ગુલાબ ટાવરની બાજુમાં થલતેજ) તા.૨૭/૧૦/૨૦૨૬ સવારના ૦૫/૪૫ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર સાલ હોસ્પીટલ ચાર રસ્તા સાંઇબાબા મંદિરના દરવાજા આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હસમુખભાઈ પટેલના ગળામાંથી રુદ્રાક્ષના પારા મઢેલ સોનાની માળા કિમત રૂપિયા ૮૦,૦૦૦/– ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હસમુખભાઈ પટેલ એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૫૩૨/૨૦૨૬**

વેજલપુરઃ અમન સ/ઓ મોહંમદરફીક શેખ (ઉ.વ.૩૧) (રહે. સુકુન સોસાયટી ગલી નંબર–૪ એવન સ્કુલ સામે જુહાપુરા) એ બિમારીથી કંટાળી તા.૨૮/૧૦/૨૦૨૬ બપોરના ૦૧/૩૦ થી ૦૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ પ્રભુભાઇ ચલાવે છે.

ઓઢવઃ અક્ષય રમેશભાઇ સથવારા (ઉ.વ.૨૯)(રહે. નિસીત પાર્ક સોસાયટી ભાવીકનગર પાસે આદીનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૦/૨૦૨૬ કલાક ૦૩/૦૦ થી ૦૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પૃથ્વીરાજસિંહ રઘુવીરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી